પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૪ | ૬ ફેબ્રુઆરી, ૨૦૨૦, ગુરૂવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રામમંદિર નિર્માણ માટે ટ્રસ્ટની રચના

**લોકસભામાં અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે ટ્રસ્ટ બનાવવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરતા ખુશીનું મોજુ : ભગવાન શ્રીરામના જન્મસ્થળ અયોધ્યામાં ભવ્ય-દિવ્ય મંદિર બનાવવા અને તેની સાથે સંબંધિત વિષયો પર નિર્ણય કરવામાં ટ્રસ્ટ સંપૂર્ણપણે સ્વતંત્ર રહેશે**



નવી દિલ્હી, તા.૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે ટ્રસ્ટ બનાવવાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે લીલીઝંડી આપી હતી. આની સાથે જ ટ્રસ્ટની રચનાને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આ ટ્રસ્ટમાં ૧૫ ટ્રસ્ટીઓને સામેલ કરવામાં આવનાર છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ ૧૫ ટ્રસ્ટી રહેશે જેમાંથી એક ટ્રસ્ટી હંમેશા દલિત સમાજમાંથી રહેશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે આ અંગેની જાહેરાત કરી હતી કે, અભૂતપૂર્વ નિર્ણય લેવા બદલ તેઓ મોદીને અભિનંદન આપે છે. નરેન્દ્ર મોદીએ પોતે લોકસભામાં આની જાહેરાત કરી હતી. તેમણે જાહેરાત કરતા કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ સરકારે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની રચનાના પ્રસ્તાવને પસાર કરી દીધો છે. તેમણે કહ્યુ હતુ કે આ ટ્રસ્ટ અયોધ્યામાં ભગવાન શ્રીરામના જન્મસ્થળ પર ભવ્ય અને દિવ્ય મંદિર નિર્માણ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# સિયાચીનમાં માઈનસ ૨૬ ડિગ્રી

**કાતિલ ઠંડીના કારણે ૩૮ વર્ષીય જવાનનુ મોત થયુ : ભીષણ ઠંડી-ઓક્સીજનની કમીના કારણે જવાન રમેશની તબિયત બગડી ગઇ હતી : જવાનો મુશ્કેલ પરિસ્થિતીમાં**



દહેરાદુન,તા. ૫

સિયાચીનમાં માઈનસ ૨૬ ડિગ્રીમાં તૈનાત ભારતીય જવાનનુ મોત થયુ છે. ઉત્તરાખંડના નિવાસી રમેશ બહુગુણાનુ સિયાચીન સેક્ટરમાં ફરજ વેળા મોત થયુ છે. રમેશ બિમાર થયા બાદ તેમને ચંગીગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બહુગુણા મહાર રેજિમેન્ટના જવાન તરીકે હતા. સાથે સાથે ટિહરી જિલ્લાના ચંબા ક્ષેત્રમાં સબલી ગામના નિવાસી હતા. જવાનના પરિવારના સભ્યોનુ કહેવુ છે કે જોરદાર ઠંડી અને ઓક્સીજનની કમીના કારણે રમેશ બિમાર થઈ ગયા હતા. ૩૮ વર્ષીય જવાનના પરિવારમાં તેમના પત્નિ અને બે બાળકો છે જે રિશિકેશમાં રહે છે. બહુગુણા વર્ષ ૨૦૦૨માં સેનામાં સામેલ થયા હતા. તેમના ભાઈ દિનેશ દત્ત બહુગુણાએ કહ્યુ છે કે સિયાચીનમાં ભયંકર ઠંડી પડી રહી છે. જવાનના અંતિમસંસ્કાર રિશિકેશમાં પૂર્ણાનંદ ઘાટ પર કરવામાં આવ્યુ હતુ. ૩૧મી જાન્યુઆરીના દિવસે આરોગ્ય સંબંધિત તકલીફ કર્યાની ફરિયાદ બાદ બહુગુણાને ચંદીગઢ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# બેંક રેગ્યુલેશન એક્ટમાં સુધારને મંજુરી

**કો-ઓપરેટિવ બેંકોની સ્થિતિને વધુ મજબૂત કરવાના હેતુથી નિર્ણય : મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય : કો-ઓપરેટિવ બેંકોમાં આરબીઆઈની માર્ગદર્શિકા લાગૂ કરાશે : કો-ઓપરેટિવ બેંકોને સમય અપાશે**

નવી દિલ્હી, તા.૫

તમામ થાપણદારોના હિતોનું રક્ષણ કરવાના ઈરાદા સાથે કેન્દ્રીય કેબિનેટે આજે બેંકિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારાને લીલીઝંડી આપી હતી. આના પરિણામ સ્વરુપે કો-ઓપરેટિવ બેંકોની સ્થિતિ વધારે મજબૂત થશે. સાથે સાથે પીએમસી બેંક જેવી કટોકટીને રોકી શકાશે. કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. જાવડેકરે કેબિનેટ નિર્ણયો અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે,સૂચિત કાયદામાં કો-ઓપરેટિવ બેંકોમાં આરબીઆઈના બેંકિંગ ધારાધોરણ સંબંધિત માર્ગદર્શિકાને લાગૂ કરવાની વાત કરવામાં આવી છે જ્યારે વહીવટી મુદ્દાઓને રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ દ્વારા હાથ ધરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ૮૬ મિલિયનના ડિપોઝિટર બેઝની સાથે ૧૫૪૦ કો-ઓપરેટિવ બેંકો રહેલી છે જેમાં પાંચ ટ્રિલિયન રૂપિયાથી વધુની કુલ બચત રહેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શ્રીનગરમાં અથડામણમાં ત્રણ આતંકી ઠાર, એક જવાન શહિદ

શ્રીનગર,તા.૫

શ્રીનગરમાં લાવેપોરા



વિસ્તારમાં આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ છે. આ અથડામણમાં એક સીઆરપીએફનો જવાન શહીદ થયો હતો જ્યારે ત્રણ આતંકીઓને સુરક્ષાદળોએ મોતને ઘાટ ઉતાર્યા હતા.

સૈન્ય સુત્રોની માનીએ તો શ્રીનગરમાં નાકા પાર્ટી ચેકિંગ અભિયાન ચલાવી રહી હતી. આ દરમિયાન એક કારમાં ત્રણ આતંકીઓએ ખુદને ફસાતા જોઈ સુરક્ષાદળો પર ફાયરિંગ શરૂ કર્યુ હતું. આ દરમિયાન એક સીઆરપીએફ જવાન શહીદ થઈ ગયો હતો. બીજી તરફ જવાબી કાર્યવાહીમાં ત્રણેય આતંકી માર્યા ગયા છે. હજુ પણ તેની ઓફિશિયલ પૃષ્ટી થઈ નથી. કલમ ૩૭૦ હટાવવામાં આવ્યાના છ મહિના પુરા થવા છતા ઘાટીમાં બંધનો માહોલ છે.

ઘાટીમાં ફરી એક વખત માહોલ ખરાબ કરવાના ષડયંત્ર હેઠળ સૌરા વિસ્તારમાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેની હેઠળ પાંચ ફેબ્રુઆરીએ પુરી ઘાટીમાં દુકાનો બંધ રાખવા કહેવામાં આવ્યુ છે. પોસ્ટરમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાન સહિત કેટલાક દેશ તરફથી પાંચ

● અનુસંધાન પાન-૭ પર

# વ્યાજદરમાં ઘટાડો થશે કે કેમ તે સંદર્ભે આજે નિર્ણય

**આરબીઆઈની બેઠકના આજે પરિણામ જાહેર : વ્યાજદર હાલમાં યથાવત રાખવામાં આવે તેવી સંભાવના**

મુંબઈ, તા. ૫

આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક હાલમાં ચાલી રહી છે. આ બેઠકના પરિણામ હવે આવતીકાલે જાહેર કરવામાં આવશે. રિટેલ ફુગાવાનો દર ઉંચો હોવાથી હાલ વ્યાજદરમાં કોઈ ફેરફાર કરવામાં આવે તેવી સંભાવના દેખાઈ રહી નથી. અર્થતંત્રને પાટા પર લાવવાના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે ત્યારે આરબીઆઈ પણ પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને હાલ વ્યાજદરોને યથાવત રાખે તેવી સંભાવના દેખાઈ રહી છે. વ્યાજદરની સમીક્ષા ચાલી રહી છે. ચોથી ફેબ્રુઆરીના દિવસે એમપીસીની બેઠક શરૂ થયા બાદથી પ્રવર્તમાન સ્થિતિના સંદર્ભમાં વાતચીત ચાલી રહી છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, વ્યાજદરમાં હાલ કોઈપણ ફેરફાર કરવામાં આવશે નહીં. જો કે, મોડેથી વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ફુગાવો હાલ વધી રહ્યો છે ત્યારે આરબીઆઈની નજર ફુગાવા પર અંકુશ મેળવવા ઉપર કેન્દ્રિત છે. સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. અર્થતંત્રમાં નોંધપાત્ર સુધારો થયો છે. મેન્યુફેક્ચરિંગ બાદ હવે સર્વિસ સેક્ટરની ગતિવિધિ સાત વર્ષની ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે જે સાબિત કરે છે કે, અર્થતંત્ર પાટા ઉપર છે.

# રક્ષા ક્ષેત્રમાં આપણી મહત્વકાંક્ષા કોઈ દેશ વિરુદ્ધની નથીં : મોદી

**વડાપ્રધાને લખનઉમાં એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યુ : આજે અટલજીનું સપનું પૂર્ણ થયું, ભારત માત્ર એક બજાર જ નથી, સમગ્ર વિશ્વ માટે મોટી તક પણ છે**

ન્યુ દિલ્હી,તા.૫

રક્ષા ઉત્પાદનોની પ્રદર્શની ડિફેન્સ એક્સપો ૨૦૨૦નું આજથી લખનઉમાં શરૂઆત થઈ. પીએમ મોદીએ આ એક્સપોનું ઉદઘાટન કર્યું. આ અવસર પર પીએમ મોદીએ કહ્યું કે ભારત દ્વારા આર્ટિફિશિયલ ઈંટેલિજન્સમાં આગામી વર્ષોમાં ઓછામાં ઓછી ૨૫ પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવશે. લખનઉમાં ડિફેન્સ એક્સપોનું હોવું અહીંના પૂર્વ સાંસદ રહેલા અટલ બિહારી વાજપેયીનું સપનું પુરૂ થવા જેવું છે. અટલજીએ જે સપનું જોયું હતું, તેના માટે ઘણા પગલાં ભર્યા અને ગત ૫ વર્ષમાં તેમાં ખૂબ તેજી આવી છે. ભારત



માત્ર એક બજાર નથી. ભારત સમગ્ર વિશ્વ માટે તક પણ છે.

પીએમ મોદીએ કહ્યું કે ગત પાંચ વર્ષોમાં ડિફેન્સ લાઈસન્સની સંખ્યા ૪૬૦ થઈ ગઈ છે. નવલ એક્સપોર્ટ અથવા હેલિકોપ્ટરનું ઈમ્પોર્ટ, અથવા આર્ટિલરી ગેન હોય અમે નિર્યાત કરી રહ્યા છીએ. આગામી દિવસોમાં ડિફેન્સ

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટીનું બિલ બનશે જેકપોટ : ૧૦ લાખથી ૧ કરોડના ઈનામની યોજના

ન્યુ દિલ્હી,તા.૫

ગ્રાહકોને ખરીદી કરતી વખતે બિલ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે સરકાર જીએસટી અંતર્ગત રૂ. ૧૦ લાખથી ૧ કરોડ સુધીની લોટરીની યોજના બનાવી રહી છે. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડાઈરેક્ટ ટૅક્સ અને કસ્ટમ્સ (સીબીઆઈસી)ના સભ્ય જ્હોન જોસેફે જણાવ્યું હતું કે ગુડ્ઝ અને સર્વિસ ટૅક્સ (જીએસટી) હેઠળના દરેક બિલ ગ્રાહકોને લોટરી જીતવાની તક પૂરી પાડશે અને તે ટૅક્સ ચૂકવવા માટે પ્રોત્સાહક તરીકે કામ કરશે.

'અમે નવી લોટરીની સિસ્ટમ લઈને આવ્યા છીએ. જીએસટી હેઠળ દરેક બિલ વિજેતા લોટરીની ટિકિટ હોવાનું માનવામાં આવે છે. તે ડ્રો માટે જશે અને ભાવ એટલા ઊંચા છે કે ૨૮ ટકા બચાવ્યા વિના મારી પાસે રૂપિયા દસ લાખથી લઈને એક કરોડ સુધી જીતવાની તક છે. લોકોની માનસિકતામાં બદલાવ લાવવાનો આ પ્રશ્રૂન છે,' એમ જોસેફે એસોચેમના કાર્યક્રમમાં જણાવ્યું હતું.

આ યોજના મુજબ ખરીદીના બિલ પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. અને આપમેળે ડ્રો થઈ જશે અને વિજેતાને જણાવવામાં આવશે. ચાર સ્તરના જીએસટી અંતર્ગત માલ અને સેવાઓ પર ૫, ૧૨,૧૮ અને ૨૮ ટકા કર લાગે છે. આ ઉપરાંત લક્ઝરી, સીન અને ડીમેરિટ ગુડ્ઝ પર સૌથી વધુ ટૅક્સ રેટ ઉપરાંત સેસ પણ લગાવવામાં આવે છે. નાણાપ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે

પાર્ટ ટાઈમ ક્લાર્ક

સાંજે ૩ કલાક માટે
કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક
માત્ર ભાઈઓ સંપર્ક કરો

મો. ૯૮૨૫૦ ૩૮૧૨૭

# નિર્ભયાના ચારેય દોષિતોને એક સાથે ફાંસી અપાશે : દિલ્હી હાઈકોર્ટ

**અલગ-અલગ ફાંસી આપવાની અરજી હાઇકોર્ટે ફગાવી : દિલ્હી હાઇકોર્ટે દોષિતોને તમામ કાયદાકીય વિકલ્પ અપનાવવા સાત દિવસનું અલ્ટિમેટમ આપ્યું**

ન્યુ દિલ્હી,તા.૫

નિર્ભયા કાંડના દોષિતોને વહેલી તકે ફાંસી પર લટાકાવવા માટેની કેન્દ્ર સરકારની અને દિલ્હી પોલીસની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

કોર્ટે કહ્યુ હતુ કે, તમામને એક સાથે ફાંસી થશે.તેની સાથે સાથે કોર્ટે તમામ આરોપીઓને તેમને મળતા કાનૂની વિકલ્પોનો ઉપયોગ એક સપ્તાહની અંદર કરી લેવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, નિર્ભયા કેસના દોષિતોનુ ડેથ વોરંટ બે વખત ટળી ચુક્યુ છે.કારણકે દોષિતોએ અલગ-અલગ સમયે કાયદાકીય વિકલ્પનો ઉપયોગ કર્યો હતો.જોકે હવે તમામ દોષિતોને કોર્ટે આદેશ આપ્યો છે કે, તમારી પાસે જે પણ કાનૂની વિકલ્પ બાકી હોય તેનો ઉપયોગ એક સપ્તાહની અંદર જ કરી લેવાનો રહેશે.



કેન્દ્ર સરકારે એવી માગણી કરી હતી કે વહેલી તકે અપરાધીઓને ફાંસીએ લટકાવી દેવામાં આવે કેમ કે આ અપરાધીઓ દયા અરજી અને ક્યૂરેટિવ પિટિશનનો સહારો લઈને જાણી જોઈને ફાંસીમાં વિલંબ કરાવી રહ્યા છે સાથે જ દિલ્હી સરકાર પર પણ વિલંબ કરાવવાનો આરોપ લગાવ્યો હતો. આ પહેલા મંગળવારે નિર્ભયાના માતા-પિતાએ દિલ્હી હાઈકોર્ટે કેન્દ્રની અરજી પર ઝડપથી નિર્ણય આવે તે અંગે પિટીશન કરી હતી, જેથી દોષિતોને ફાંસી આપી શકાય. કોર્ટે આ મામલાની સુનાવણી કરતા નિર્ભયાના માતા-પિતાને એ આશ્વાસન આપ્યું કે ઝડપથી આ અંગે આદેશ આપવામાં આવશે.

# નાગરિકતા કાયદા પર કેન્દ્ર સરકારને સુપ્રિમ કોર્ટનું સમન્સ

ન્યુ દિલ્હી,તા.૫

દેશમાં અનેક જગ્યાએ નાગરિકતા સંશોધન કાયદા વિરુધ્ધ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યુ છે. તેની વચ્ચે સુપ્રીમ કોર્ટે કેરળ સરકારની નાગરિકતા સંશોધન કાયદાને પડકારતી અરજી પર કેન્દ્ર સરકારને સમન્સ પાઠવ્યું છે. કેરળ સરકારે ૧૩ જાન્યુઆરીએ પીટિશન દાખલ કરી હતી. રાજ્ય સરકારનું કહેવું છે કે, આ કાયદો બંધારણના ૧૪, ૨૧ અને ૨૫નું ઉલ્લંઘન કરે છે. આ ઉપરાંત બંધારણના ધર્મનિરપેક્ષતાના બુનિયાદી ઢાંચાનું ઉલ્લંઘન કરે છે.

સરકારે મંગળવાળે જણાવ્યું હતું કે સંશોધિત નાગરિકતા કાયદાના વિરોધમાં દિલ્હીમાં હિંસા, ગેરકાયદે ભીડ ભેગી કરવી, પત્થરો ફેકવા અને સાર્વજનિક સંપત્તિને નુકશાન પહોંચાડવાની ઘટના સામે છે. લોકસામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં ગૃહ રાજયમંત્રી નિત્યાનંદ રાયે કહ્યું કે રાજસ્થાન જેવા કેટલાક રાજયોની વિધાનસભાએ સીએએ વિરુધ્ધ પ્રસ્તાવ મળ્યા છે અને કેરળ સરકારે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225